આંક :–

**–:નમુનો–અ:–**

**મહે. ધંધુકાના ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટ, જિ.ધંધુકા**

**ચુકાદાની તા. ૧૨/૦૬/૨૦૨૬**
**ફોજદારી કેસ નં. ૫૭૪/૨૦૨૪**

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ઈ.પી.કો. કલમ–૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ મુજબ |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ૧૧૧૯૨૦૧૮૨૪૦૨૭૪/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | ધંધુકા પો.સ્ટે. |
| ફરિયાદીપક્ષ | શ્રી સરકાર (ફરીયાદી દિવ્યરાજસીંહ સજજનસીંહ ચુડાસમા) |
| ફરિયાદ પક્ષ તરફે વિ.વ.શ્રી: | વિ.એ.પી.પી.શ્રી ડી. આર. ભીલવાર, |
| આરોપીપક્ષ | **(૧) જયપાલસીંહ ગજુભા ચુડાસમા,**<br>**( ૨) લક્ષ્મણસીંહ ગજુભા ચુડાસમા,**<br>બન્ને રહે. વાગડ, તા. ધંધુકા, જી. અમદાવાદ. |
| આરોપી તરફે વિ.વ.શ્રી: | આર. જે. ઝાલા, |

**–:નમુનો–બ:–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૨/૦૫/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૨/૦૫/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૧૦/૦૭/૨૦૨૪ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૧૭/૧૨/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૬/૦૬/૨૦૨૬ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | ૧૨/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૨/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | |

**–:આરોપીની વિગત:–**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ /દોષ | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમયગાળો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **જયપાલસીહ ગજુભા ચુડાસમા** | ૨૪/૦૫/૨૪ | ૨૪/૦૫/૨૪ | ઈ. પી. કો. કલમ – ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટની કલમ –૧૩૫ મુજબ | નિર્દોષ | -- | -- |
| ૨ | **લક્ષ્મણસીહ ગજુભા ચુડાસમા** | ૨૪/૦૫/૨૪ | ૨૪/૦૫/૨૪ | ઈ. પી. કો. કલમ – ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટની કલમ –૧૩૫ મુજબ | નિર્દોષ | -- | -- |

## –:નમુનો–ક:–

## :: સાહેદો નુ લીસ્ટ::

**અ.ફરિયાદ પક્ષ તરફે સાહેદો:**

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| પી.૧ | ૧૩ | દિવ્યરાજસીંહ સજજનસીંહ ચુડાસમાની જુબાની | ફરીયાદી |
| પી.૨ | ૧૫ | સજજનસીંહ વનરાજસીંહ ચુડાસમાની જુબાની | સાહેદ |

## :: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ::

**અ.ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ દસ્તાવેજો**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ડી. ૧ | ૧૪ | ફરીયાદ |
| ડી.૨ | ૧૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ડી.૩ | ૧૯ | શરીર સ્થિતીનું પંચનામું |
| ડી. ૪ | ૨૦ | કલોઝીંગ પુરસીસ |

**–:: ચુ કા દો ::–**

(૧) **ફરીયાદ પક્ષના કેસની ટુંક હકીકત :–** આ કામના આરોપીઓએ ગઈ તા. ૨૨/૦૫/૨૦૨૪ ના કલાક ૧૨/૦૦ ના સુમારે મોજે વાગડ ગામની સીમમાં આ કામના ફરીયાદી સાથે જમીન માપણી બાબતે મન:દુખ થયેલ જેની અદાવત રાખી આરોપી નં. ૧ નાઓએ ફરીયાદીને ધારીયું મારવાનો પ્રયત્ન કરી તથા આરોપી નં. ૨ નાઓએ લાકડાનો ધોકો લઈ આવી બન્ને આરોપીઓએ ફરીયાદીને ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, મ્હે. જીલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી, ગુન્હો કરેલ છે.

(૨) **ફરીયાદ અનુસંધાને પોલીસ કાર્યવાહી :–** ફરીયાદીની ફરીયાદ અનુસંધાને આરોપીઓ વિરૂધ્ધ ધંધુકા પોલીસ સ્ટેશન દ્રારા ગુના રજી. નંબર ૧૧૧૯૨૦૧૮૨૪૦૨૭૪/૨૦૨૪ થી ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ – ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો ગુનો નોંધી અન્વેષણ કરવામાં આવેલ. પોતાના અન્વેષણ દરમ્યાન તપાસનીશ અધીકારી ધ્વારા સાહેદોના નિવેદનો નોંધી, જરૂરી પંચનામા કરી, આરોપીઓ વિરૂધ્ધ કાનુની કાર્યવાહી કરવા પુરતો પુરાવો જણાતા, આરોપીઓ વિરૂધ્ધ ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ ૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલ.

(૩) **ગુનાનું સંજ્ઞાન અને તહોમતનામું :–** આરોપીઓ વિરૂધ્ધ કરવામાં આવેલ ચાર્જશીટ આધારે ફોજદારી કાર્યરીતી સંહીતા,૧૯૭૩ ની કલમ ૧૯૦(બી) મુજબ ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીઓને કોર્ટમાં હાજર રહેવા માટે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ. જે પ્રોસેસ આરોપીઓને બજી જતા આરોપીઓ કોર્ટ સમક્ષ ઉપસ્થીત થયેલ. આરોપીઓ કોર્ટ સમક્ષ ઉપસ્થીત થતા ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ ૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓને વિચારવાનો પુરતો સમય આપ્યા બાદ આરોપીઓ વિરૂધ્ધ આંક – ૦૭ થી તહોમતનામું ફરમાવી આરોપીઓની પ્લી આ કામે આંક–૦૮ અને આંક–૦૯ થી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમા તેઓને ગુનો કબુલ

છે કે કેસ આગળ ચલાવવા માંગે છે તેમ પુછતા આરોપીઓએ ગુનો કબુલેલ નહી અને પોતાની વિરૂધ્ધનો કેસ આગળ ચલાવવા માંગતા હોવાનુ જણાવેલ.

(૪) **પ્રોસીક્યુશનનો પુરાવો :–** ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નમુના 'ક' મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ.

(૫) **આરોપીઓનું વિશેષ નિવેદન :–** ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે વિ. એ. પી. પી. શ્રીએ પુરાવો પુરો થયાનું જાહેર કરેલ અને તે સંબંધે આંક–૨૦ થી કલોઝીંગ પુરસીસ આપ્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૩૧૩ હેઠળ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય જેથી વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) **દલીલો :–** ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી. શ્રીની મૌખિક રજુઆતો ધ્યાને લીધી તથા બચાવ પક્ષના વિ.વકીલશ્રી દ્રારા તેઓની મૌખિક દલીલો કરેલ છે, જે ધ્યાને લીધી.

(૭) ત્યારબાદ કોર્ટ સમક્ષનો ફરીયાદ પક્ષનો કેસ ધ્યાને લઈ નીચે મુજબના મુદૃા અત્રેની કોર્ટના ન્યાયીક નિર્ણય માટે ઉપસ્થીત થયેલ.

| | મુદદા |
|---|---|
| ૧ | શું ફરીયાદ પક્ષ વાજબી શંકા રહિત પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા. ૨૨/૦૫/૨૦૨૪ ના કલાક ૧૨/૦૦ ના સુમારે મોજે વાગડ ગામની સીમમાં આ કામના ફરીયાદી સાથે જમીન માપણી બાબતે મન:દુખ થયેલ જેની અદાવત રાખી આરોપી નં. ૧ નાઓએ ફરીયાદીને ધારીયું મારવાનો પ્રયત્ન કરી તથા આરોપી નં. ૨ નાઓએ લાકડાનો ધોકો લઈ આવી બન્ને આરોપીઓએ ફરીયાદીને ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, મ્હે. જીલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ – ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો ગુનો કરેલ છે ? |
| ૨ | શું હુકમ |

**(૮) મુદદાઓના નિર્ણય**

૧ નકારમાં

૨ આખરી હુકમ મુજબ

**(૯) નિર્ણય માટેના કારણો**

**મુદદા નં.–૧ :**

**(૯.૧)** ફરિયાદપક્ષે રજૂ પુરાવાનું મુલ્યાંકન કરતાં અગાઉ ફરિયાદપક્ષે રજૂ પુરાવો ઘ્યાને લેવામા આવે તો, ફરીયાદ પક્ષે આંક – ૧૩ થી ફરીયાદી દિવ્યરાજસીંહ સજ્જનસીંહ ચુડાસમા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, આ કામના આરોપીઓ તેઓના ગામના તેમજ તેઓની જ્ઞાતીના હોવાથી સારી રીતે ઓળખીએ છીએ. જુબાની આપ્યાના આશરે બે વર્ષ પહેલાં ખેતરની તકરાર બાબતે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી એ સીવાય બીજુ કંઈ બનેલ નહી. આવેશમાં આવી જઈ બનાવની ફરીયાદ આપેલી. આ કામના આરોપીઓએ લાકડાના ધોકા વડે કે ધારીયા વડે તેઓને માર મારેલ હોય કે જેમ ફાવેતેમ ગાળો બોલી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નહી. બનાવની અસલ ફરીયાદ આંક – ૧૪ થી રજુ થયેલ છે.

સદર ફરીયાદી તેમની ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એપીપીશ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી. બચાવ પક્ષે સદર ફરીયાદીની કરેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ સાથે તેઓને સામાન્ય બોલાચાલી થઈ અને ઉશ્કેરાટમાં આવી ધંધુકા પો. સ્ટે.માં તેઓએ ફરિયાદ આપેલ. આરોપીઓએ તેઓને લાકડાના ધોકા વડે કે ધારીયા વડે મારવાની કોશીશ કરેલ હોય તેમજ કોઈ ગાળાગાળી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી. વધુમાં સ્વીકારેલ છે કે, કોઈપણ આરોપી પાસે ધારીયા જેવા હથીયાર ન હતા.

(૯.૨) ફરીયાદ પક્ષે આંક – ૧૫ થી સાહેદ સજજનસીંહ વનરાજસીંહ ચુડાસમા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, આ કામના આરોપીઓ તેઓના ગામના તેમજ તેઓની જ્ઞાતીના હોવાથી સારી રીતે ઓળખીએ છીએ. જુબાની આપ્યાના આશરે બે વર્ષ પહેલાં ખેતરની તકરાર બાબતે આરોપીઓએ તેઓના દિકરા સાથે સામાન્ય બોલાચાલી કરેલ, એ સીવાય બીજુ કંઈ બનેલ નહી. આવેશમાં આવી જઈ તેઓના દિકરાએ બનાવની ફરીયાદ આપેલ. બનાવ સમયે પોલીસે તેઓનું નિવેદન લીધેલ. આ કામના આરોપીઓએ તેઓના દિકરાને લાકડાના ધોકા વડે કે ધારીયા વડે માર મારેલ હોય કે જેમ ફાવેતેમ ગાળો બોલી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નહી.

સદર સાહેદ તેમના પોલીસ નિવેદનની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એપીપીશ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં તેમના નિવેદનોની હકીકતને સમર્થન કરેલ નથી. જયારે ઉલટતપાસ દરમ્યાન સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, કહેવાતા બનાવ બન્યો ત્યારે બનાવ સ્થળે તેઓ હાજર ન હતા તથા કહેવાતા બનાવમાંઆરોપીઓ સાથે તેઓને માત્ર સામાન્ય બોલાચાલી થઈ અને ઉશ્કેરાટમાં આવી જઈ ધંધુકા પો.સ્ટે.માં ફરિયાદ આપેલ. આરોપીઓએ તેઓને લાકડાના ધોકા વડે કે ધારીયા વડે મારવાની કોશીશ કરેલ હોય તેમજ કોઈ ગાળાગાળી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી. વધુમાં સ્વીકારેલ છે કે, કોઈપણ આરોપી પાસે ધારીયા જેવા હથીયાર ન હતા.

**(૧૦) આખરી તારણ :–** ફરિયાદપક્ષે રજુ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરિયાદપક્ષે ઉપરોક્ત મુજબનો પુરાવો રજુ થયા બાદ આ કામે આંક–૧૯ થી રજુ થયેલ પુરસીસ મુજબ આ કામના પક્ષકારો વચ્ચે ઈ.પી.કો. કલમ ૫૦૪ સાથે વંચાણે લેતા ૧૧૪ મુજબના ગુનાના કામે સમાધાન થતાં, જે સમાધાન પુરસીસ રેકર્ડ કરવામાં આવેલ હોય આ કામના પક્ષકારો તરફેની સમાધાન પુરશીસ ધ્યાને લેતા આ કામના આરોપીઓને ક્રિ. પ્રો. કો. ની કલમ ૩૨૦(૧)(૮) અન્વયે ઈ.પી.કો. કલમ ૫૦૪ સાથે વંચાણે લેતા

કલમ ૧૧૪ અન્વયેના ગુનામાથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. જેથી ફરિયાદપક્ષે રજુ પુરાવાઓનું ઈ.પી.કો. કલમ ૫૦૬(૨) સાથે વાંચતાં કલમ ૧૧૪ તથા જી. પી. એક્ટ કલમ ૧૩૫ અન્વયેના ગુના સંબંધે મુલ્યાંકન કરવાનું રહે છે.

**(૧૧)** ફરીયાદ પક્ષે આરોપીઓ વિરુધ્ધ જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે. ફરીયાદપક્ષે જી. પી. એકટની કલમ–૧૩૫ અન્વયેનો ગુન્હો સાબિત કરવો હોય તો જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરીનાં સબંધિત અધિકારીને સોગંદ પર તપાસી બનાવનાં અરસામાં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હતું કે કેમ? અને જો અમલમાં હતું તો તેની બહોળી પ્રસિધ્ધી કરવામાં આવેલ હતી કે કેમ? તે પુરવાર કરવું પડે, પરંતુ હાલનાં કામે ફરિયાદપક્ષ તરફે આવા કોઈ અધિકારીને તપાસવામાં આવેલ નથી, માત્ર આંક – ૧૦૩ થી જાહેરનામાની નકલ રજુ થયેલ છે. નામ. ગુજરાત હાઈકોર્ટે તેમનાં ચૂકાદા ૨૦૦૦(૨) જી.એલ. એચ. પાના નં. ૨૮૫, બાઈ શાન્તા શામળભાઈ અને બીજાઓ વિ. યુનિયન ઓફ ઈન્ડીયાનાં કેસમાં પ્રસ્થાપિત કરેલ છે કે.....

Section 37 of the Bombay Police Act, 1951 gives power to the authority to prohibit certain acts for prevention of disorder which reads as under :–"""37. Power to prohibit certain acts for prevention of disorder :– The Commissioner and the District Magistrate in areas under their respective charges may, whenever and for such time as he shall consider necessary for the preservation of public peace or public safety by a notification publicly promulgated or addressed to individuals, prohibit at any

town, village or place or in the vicinity of any such town, village or place """

(a) the carrying of arms, cudgels, swords, spears, bludgeons, guns, knives, sticks or lathis or any other articles, which is capable of being used for causing physical violence.

(b) the carrying of any corrosive substance or of explosives,

(c) the carrying collection and preparation of stones or other missiles or instruments or means of a casting or impelling missiles.

(cc) the carrying of burning or lighted torches in a procession,

(d) the exhibition of persons or corpses of figures or effigies thereof,

(e) the public utterance of cries, singing of songs, playing of music,

(f) delivery of harangues, the use of gestures or mimetic representations, and the preparation, exhibition or dissemination of pictures, symbols, placards or any other object or thing which may in the opinion of such authority offend against decency or

morality or undermine the security of or tend to overthrow the State."""

Sub−section (4) of Sec. 37 which is relevant for our purpose reads as under :−

"""(4). The authority empowered under sub−Sec. (1) may also by public notice temporarily reserve for any public purpose any street or public place and prohibit persons from entering the area so reserved, except under such conditions as may be prescribed by such authority."""

Reading the aforesaid provisions, it is clear that sub−Sec. (1) of Sec. 37 enables the Commissioner of Police and the District Magistrate in areas under their respective charges to prohibit the acts mentioned in clauses (a) to (f) for the preservation of peace and public safety by a notification publicly promulgated or addressed to individuals within any town, village or place or in the vicinity of any such town, village or place. It is also clear that the power reserved under Sec. 37 of the Act can be exercised by issuing notification and publicly promulgating the same. The expression """publicly promulgating is not defined in the Act. However, it should be understood in the normal connotation. The authorities must take steps to have the notification brought to the notice of the public who is likely to be affected thereby and that

may be effected by proclaiming it e.g. by the beat of drum or affixing in public places like Police Stations, Chavadis and other public buildings. Mere publication in the Government Gazette cannot be regarded as """public promulgation within the meaning of Sec. 37 of the Act.

નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં સિધ્ધાંત પ્રમાણે બોમ્બે પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૭(૧) મુજબ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરવી જોઈએ. સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધી કરી દેવી તે જાહેર પ્રસિધ્ધી કહી શકાય નહીં. આમ, બનાવનાં અરસામાં હથિયારબંધી સંબંધેનું જાહેરનામું અસ્તિત્વમાં હતું કે કેમ ? તે રેકર્ડ પર આવતું ન હોવાથી ધી બોમ્બે પોલીસ એકટની કલમ–૧૩૫ અન્વયેનો ગુન્હો પુરવાર થયેલ ગણી શકાય નહીં. આ કલમ પુરવાર કરવા માટે પ્રથમ આવું જાહેરનામું અસ્તિત્વમાં હતું અને ત્યારબાદ આ જાહેરનામાનો ભંગ થયાનું પુરવાર કરવું જરૂરી છે જે ફરિયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

**(૧૨)** આ ઉપરાંત, ફરિયાદ પક્ષનો ઉપરોકત રજુ થયેલ સંપુર્ણ પુરાવો વંચાણે લ ેવામાં આવે તો, આ કામે આંક – ૧૩ થી તપાસેલ ફરીયાદીએ તેમની ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી અને ફરી ગયેલ સાહેદ જાહેર થયેલ છે, તેમજ ઉલટતપાસ દરમ્યાન તેઓને આરોપીઓ સાથે માત્ર સામાન્ય બોલાચાલી થયેલી અને આરોપી નં. ૧ નાઓએ ફરિયાદીને ધારીયું મારવાનો પ્રયત્ન કરેલ હોય કે આરોપી નં. ૨ નાઓએ લાકડાનો ધોકો લઈ આવી બન્ને આરોપીઓએ ફરિયાદીને કોઈ ગાળો આપી, જાનથી મારી નાંખવાની

ધમકી આપેલ ન હોવાની હકીકત જણાવતા હોય જેથી ખુદ ફરીયાદીના પુરાવાથી તેઓની આં ક – ૧૪ થી રજુ થયેલ ફરીયાદ હકીકતથી તદ્દન વિરોધાભાષી હકીકત રેકર્ડ ઉપર આવે છે. વધુમાં સદર કામે આંક – ૧૫ થી તપાસેલ સાહેદ સજ્જનસીંહ વનરાજસીંહ ચુડાસમા તેમના સોગંદ ઉપરના પુરાવા દરમ્યાન આરોપીઓ સાથે તેઓને માત્ર સામાન્ય બોલાચાલી થયેલી અને આરોપી નં. ૧ નાઓએ તેઓના દિકરાને ધારીયું મારવાનો પ્રયત્ન કરેલ હોય કે આરોપી નં. ૨ નાઓએ લાકડાનો ધોકો લઈ આવી બન્ને આરોપીઓએ ફરિયાદીને કોઈ આરોપીઓ ધ્વારા ગાળો આપી, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. જેથી સદર કામે બનાવના સાહેદ ધ્વારા પણ તેમના નિવેદનની હકીકતને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ ન હોય અને ફરી ગયેલ સાહેદ જાહેર થયેલ છે. જેથી સદર કામે ફરીયાદ પક્ષે તપાસેલ સાહેદ અને ફરીયાદીના પુરાવાથી ફરીયાદ હકીકત મુજબ આરોપીઓ ધ્વારા ફરીયાદીને આ કામના આરોપી નં. ૧ નાઓએ ધારીયું મારવાનો પ્રયત્ન કરેલ હોય કે આરોપી નં. ૨ નાઓએ લાકડાનો ધોકો લઈ આવી બન્ને આરોપીઓએ ફરિયાદીને કોઈ ગાળો આપી, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક – ૧૮ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું, આંક – ૧૯ થી શરીર સ્થિતીનું પંચનામું ધ્યાને લેતા, સદરહું દસ્તાવેજો બચાવ પક્ષની સંમતિથી આંક પડેલ છે, સદરહું દસ્તાવેજોની હકીકતો સાબીત કરવા ફરીયાદ પક્ષ તરફે પંચસાહેદોને તપાસેલ નથી, જેથી તેવા દસ્તાવેજો પુરાવામાં ગ્રાહ્ય રાખવાનું કોઈ કારણ રહે નહી.

આમ ફરીયાદપક્ષે રજુ સમગ્ર પુરાવાઓનું એકી સાથે મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદ પક્ષે તપાસેલ ફરીયાદી અને સાહેદના પુરાવાથી ફરિયાદમાં જણાવેલ તત્વો

પુરવાર થતા નથી અને ફરિયાદની કોઈ હકીકત વાજબી શંકા રહિત ફલિત થતી નથી. જેથી ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાથી આરોપીઓને ગુન્હામાં સાંકળતો કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજુ થતો ન હોય અને આરોપીઓ સામે આક્ષેપવામાં આવેલ ગુન્હાના તત્વો ફલિત થતા ન હોય, જેથી ઉપરોકત રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, આ કામના આરોપીઓએ ગઈ તા. ૨૨/૦૫/૨૦૨૪ ના કલાક ૧૨/૦૦ ના સુમારે મોજે વાગડ ગામની સીમમાં આ કામના ફરીયાદી સાથે જમીન માપણી બાબતે મન:દુખ થયેલ જેની અદાવત રાખી આરોપી નં. ૧ નાઓએ ફરીયાદીને ધારીયું મારવાનો પ્રયત્ન કરી તથા આરોપી નં. ૨ નાઓએ લાકડાનો ધોકો લઈ આવી બન્ને આરોપીઓએ ફરીયાદીને ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, મ્હે. જીલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ – ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ અન્વયેના આક્ષેપ મુજબનો ગુનો સાબિત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં. ૧ નો નિર્ણય ''નકારમાં'' આપી, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>–:: આ ખ રી હુ ક મ ::–</u>

(એ) આ કામના આરોપી નં.૧ જયપાલસીંહ ગજુભા ચુડાસમા તથા આરોપી નં. ૨ લક્ષ્મણસીંહ ગજુભા ચુડાસમા, બન્ને રહે. વાગડ, ધંધુકાનાઓને તેઓ વિરૂધ્ધ આક્ષેપીત ઈ.પી.કો. કલમ – ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનાં આરોપમાંથી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૪૮(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(બી) આરોપીઓએ ક્રિ.પો.કોર્ડની કલમ ૪૩૭(એ) અન્વયે અપીલ સમય સુધીના રૂા. ૧૦, ૦૦૦/– (અંકે રૂપિયા દશ હજાર પુરા) ના જામીન આપવા.

(સી) આ કામેના મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ : ૧૨ મી, માહે: જુન, ૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૨/૦૬/૨૦૨૬
ધંધુકા.

**(સાજીદખાં અબ્દુલખાં પઠાણ)**
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
ધંધુકા.
**જીજે ૦૧૦૭૧**

વી. ડી. જોગરાણા